- **AIU ની ૮૭ મી વર્ષિક સભા**

Association of Indian Universities ની ૮૭ મી વાર્ષિક સભા ગોરખપુર યુનિવર્સિટી, ગોરખપુર (ઉ.પ્ર.) ખાતે દિ. ૩,૪,૫ મે દરમિયાન યોજાઈ હતી. કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે પ્રથમવાર આ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું. દિ. ૩ મે ના દિવસે ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ઉ.પ્ર.ના રાજ્યપાલ મહોદય શ્રી બી.એમ. જોશી, UGC (University Grants Commission) ના ચેરમેન શ્રી વેદપ્રકાશજી, AIU ના ચેરમેન શ્રી સુરિ અને ગોરખપુર યુનિવર્સિટીના કુલપતિ ડૉ.ત્રિવેદી ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં મંચસ્થ હતા. રાજ્યપાલ મહોદય શ્રી બી. એમ. જોશી અને ડૉ. વેદપ્રકાશજીનાં પ્રેરક ઉદ્‌બોધનો થયાં. ડૉ. વેદપ્રકાશજીએ કહ્યું કે ઉચ્ચ શિક્ષણનાં શિખરો સર કરવાં હોય તો વ્યક્તિના સંસ્કરણની પ્રક્રિયા ગર્ભાવસ્થાથી જ શરૂ કરવી જોઈએ અને ગર્ભવિજ્ઞાનની પ્રાચીન સંકલ્પના પુનર્જીવિત કરવી જોઈએ. સભાનાં વિવિધ સત્રો દરમિયાન ભારતની યુનવર્સિટીઓનું સ્તર ઊંચું કેવી રીતે લાવી શકાય એ અંગે સઘન ચર્ચા-વિચારણા થઈ. વિશ્વભરની પ્રથમ ૨૦૦ યુનિવર્સિટીઓમાં ભારતની કોઈ યુનિવર્સિટી ન હોય એ ઘટનાને સભાએ ચિંતા, વ્યથા અને આઘાતના ભાવથી મૂલવી હતી.




દેશભરની યુનિવર્સિટીઓમાંથી લગભગ ૯૦ જેટલા કુલપતિશ્રીઓ ઉપસ્થિત હતા. બીજા દિવસનું દિ. ૪ મે નું સંપૂર્ણ કામકાજ ગોરખપુરથી ૫૦ કિ.મી.ના અંતરે આવેલા કુશીનગર નામના રમણીય સ્થાનમાં યોજાયું હતું. ભગવાન બુદ્ધની આ નિર્વાણભૂમિ છે અને ૧૬′ લાંબી શયનમુદ્રામાં મૂર્તિ સ્થાપિત છે. જાપાન, ઈન્ડોનેશિયા અને શ્રીલંકા જેવા દેશોના ભગવાન બુદ્ધમાંની આસ્થાના પ્રતીક સમા પેગોડા પણ ત્યાં જોયા.NAAC ના નિયામક ડૉ. રંગનાથને યુનિવર્સિટી મૂલ્યાંકનના વિવિધ માપદંડો સમજાવ્યા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની ફિલ્મ દેખાડી દેશભરના કુલપતિશ્રીઓ સુધી આપણો વિચાર પહોંચાડવાની સરસ તક સાંપડી.

- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને સ્ત્રીરોગ વિશેષજ્ઞ ડૉ. મેઘાબહેન શાહના સંયુક્ત પ્રયાસે 'તપોવન સંશોધન કેન્દ્ર' પ્રકલ્પ અંતર્ગત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યકર્તાઓ દિ. ૧૪-૦૫-૧૩ અને ૨૧-૦૫-૧૩ ના રોજ મણિનગર, જવાહર ચોક ખાતે આવેલી ઈ.એસ.આઈ.એસ. હૉસ્પિટલની મુલાકાતે ગયા હતા. ત્યાં સપ્તાહના દર મંગળવારે સગર્ભાબહેનો અને નવપરિણીત બહેનો માટે ત્રણ કલાકના કાર્યક્રમનું આયોજન થાય છે. દિ. ૧૪-૦૫-૧૩ ના રોજ આવી ૨૫ બહેનો અને દિ. ૨૧-૦૫-૨૦૧૩ ના રોજ

૩૦ બહેનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.



ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યકર્તાઓ મીનાબહેન, મમતાબહેન અને હાર્દિકભાઈએ બાળગીતો, ભાવગીતો, હાલરડાં અને અભિનય ગીતો શીખવ્યાં હતાં તેમજ ગર્ભધ્યાન કરાવ્યું હતું. વિરલભાઈ રાવલે યોગ વિશે ઉપયોગી માહિતી પ્રત્યક્ષ નિદર્શન દ્વારા આપી હતી. બધી જ બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અમુક બહેનોના પતિદેવો પણ એમની સાથે દર મંગળવારે ત્યાં ઉપસ્થિત રહે છે. આ કાર્યક્રમમાં એમને મૂંઝવતા ઘણા પ્રશ્નોનોનું નિરાકરણ થાય છે. ઉનાળાના આ ધોમધખતા તડકામાં પણ અમદાવાદના ઘણા દૂરના વિસ્તારોમાંથી આ જાગૃત માતાઓ અહીં આવે છે. અહીં આવતી બહેનોમાંની મોટાભાગની બહેનો દર મંગળવારે નિયમિતપણે આવે છે.

- **તપોવન સમાચાર**

યુનિવર્સિટીમાં અત્યારે જૂનાં તપોવન કેન્દ્રોને સક્ષમ અને વધુ અસરકારક બનાવવાનો પ્રયત્ન ચાલે છે, સાથે સાથે નવાં કેટલાંક તપોવનો શરૂ કરવાની તૈયારીઓ પણ ચાલે છે.

દિ. ૧૫ મે ના રોજ આણંદ જિલ્લાના DDO/ કલેક્ટર તરીકે કાર્યરત એવા શ્રી કુલદીપજી આર્યના અધ્યક્ષસ્થાને આણંદમાં એક બેઠક યોજાઈ. જેમાં આણંદ, તારાપુર, સારસા, થામણા અને દાવોલ-એ પાંચેય કેન્દ્રો સાથે સંબંધિત મેડીકલ ઑફિસર તેમજ બાળ અને મહિલા વિકાસ વિભાગના તથા આરોગ્ય ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. બે કલાક ચાલેલી આ બેઠકમાં તપોવન કેન્દ્રોના કાર્યની સમીક્ષા તેમજ એની કાર્યક્ષમતાના વિસ્તાર માટે મહત્ત્વના નિર્ણયો લેવાયા.

દિ. ૨૬, ૨૭, ૨૮ એપ્રિલના દિવસોમાં ત્રિભુવનદાસ ફાઉન્ડેશન, આણંદ ખાતે બધાં તપોવન કેન્દ્રોના કાઉન્સેલરો અને કાર્યકર્તાઓનો પ્રશિક્ષણ વર્ગ યોજાઈ ગયો. આ વર્ગમાં પણ શ્રી કુલદીપજી આર્ય થોડા સમય માટે મુલાકાતે આવ્યા હતા.



- **શ્રી શ્રીમાળી સોની પ્રગતિ યુવક મંડળ આયોજિત દ્વિતીય યુવા ગૃહિણી તાલીમ શિબિર**

બહુચરાજી મુકામે ઉપરનિર્દિષ્ટ ૪ દિવસીય શિબિર (દિ. ૨૩ થી ૨૬ મે) માં દિ. ૨૪-૦૫-૨૦૧૩ ના દિવસો આયોજકોએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહને અને સલાહકાર સુશ્રી જ્યોતિબહેન થાનકીને નિમંત્ર્યા હતા.



કુલપતિશ્રીએ ઉપસ્થિત ૯૨ બહેનો સમક્ષ 'બાળઉછેર' વિષય પર અને જ્યોતિબહેને 'મનની શાંતિ માટે સત્સંગ' એ વિષય પર દોઢ-દોઢ કલાકનાં વક્તવ્યો આપ્યાં. કુલપતિશ્રીએ બહેનોને ૪ બાળગીત અને ભાવગીત પણ ગવડાવ્યાં. તેનાથી સમગ્ર વાતાવરણ ઉત્સાહવર્ધક બની ગયું હતું. બહેનોના ઘણા પ્રશ્નો અને જિજ્ઞાસાનું સમાધાન કુલપતિશ્રીએ કર્યું હતું.